Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું
અંક ૧-૨
૨૫ નવેમ્બર-ડીસેમ્બર

કારતક—માગશર

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૩
ઇ. સ. ૧૯૬૬

(१०८) छन्दं निरोहेण उवेइ मोक्खं, आसे जहा सिक्खिय-वमधारी ।
पुव्वाइं वासाइं चरऽप्पमत्ते, तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥ ८ ॥

૧૦૮. જેમ કેળવાયેલો—પલોટાયેલો બખ્તરધારી ઘોડો પોતાના સ્વચ્છંદને રોકયા પછી જ વિજયી થાય છે—સ્વતંત્ર બને છે તેમ સાધક મનુષ્ય પોતાના સ્વચ્છંદ ને રોકયા પછી જ સ્વતંત્ર બની શકે છે. અપ્રમત્ત સાધકે ઘણા લાંબા સમય સુધી સંયમને આચરવો—સાચવવો—ઘટે. આમ વર્તનારો મુનિ શિઘ્ર સ્વતંત્રતાને પામે છે—આ રીતે વર્તતા મુનિને પછી વાસના કે તૃષ્ણાને પરવશ રહેવું પડતું નથી.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૩ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષ શુભાશિષ | | ૧ |
| ૨ | નૂતન વર્ષાભિનંદન | ( દીપચંદ જીવણલાલ શાહ ) | ૧ |
| ૩ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો-લેખાંક : ૧૯ | ( સ્વ. મૌક્તિક ) | ૩ |
| ૪ | જપ માટેના મંત્રો : ૫ | ( દીપચંદ જીવણલાલ શાહ ) | ૬ |
| ૫ | 'મોભ' અને એના સંબંધીઓ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૯ |
| ૬ | ધન્ય દંપતિ | ( ,, ) | ૧૦ |
| ૭ | રાંતેજ તીર્થનો મહીમા | ( માણેકલાલ છગનલાલ મહેતા-અમદાવાદ ) | ૧૧ |
| ૮ | સમાલોચના .... .... .... | .... ટાઇટલ પેજ | ૪ |


જેની ઘણા સમયથી રાહ જોતા હતા તે પુસ્તક તૈયાર થઇ ગયું છે—

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા લખો :-**શ્રી જૈન ધર્મ પ્રારક સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૮૩ મું<br>અંક ૧-૨ | કારતક—માગશર | વીર સં. ૨૪૯૨<br>વિક્રમ સં. ૨૦૨૩ |
|---|---|---|


## નૂતનવર્ષ શુભાશિષ



જૈન ધર્મ આરાધીએ, નર પામી અવતાર;
ધર્મ ન ચુકો પ્રાણીયા, રગેરગથી સાર.
મહાવીરના સુત છો તમો, પ્રણમો શ્રી જિનદેવ;
કાર્ય સિદ્ધિ થાયે સદા, શરણે રહી કરો સેવ.
જગમાં જનમ્યો તે ખરો, યશ મેળવે જગમાંય;
વંછે સહુ તેહનું ભલું, તુર્ત તેહ જણાય.
રસનાથી નવપદ જપો, હોય સદા કલ્યાણ;
એહ નવકારના ધ્યાનથી, શુભ ગતી દેવ વિમાન.
ભગવંત કેરી ભક્તિથી, આ ભવ સુધરી જાય;
શીઘ્ર ત્રેવીશ સાલમાં, સહાય શાસનદેવ હોય.

## નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૨૩ના વર્ષે શ્રી જૈન ધર્મ પ્રકાશ બ્યાશી વર્ષ પૂરા કરી ત્યાશીમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં મુનિ ભાસ્કરવિજયજીનો તેમના પદ્ય લેખો માટે અને પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ.એ., શ્રીયુત ચત્રભુજ જેચંદભાઈ, શ્રીયુત અગરચંદ નાહટા, મુનિશ્રી બાળમુનિ, મુનિશ્રી રૂચકવિજયજી, પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિ, શ્રીયુત દીપચંદ જીવણલાલ અને મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી વગેરેનો તેમના ગદ્ય લેખો માટે આભાર માનવામાં આવે છે.

વિ. સં. ૨૦૨૨નું વર્ષ ભારત માટે બહુ જ ખરાબ હતું. વરસાદ ઓછો પડવાને લીધે અનાજની બહુ જ અછત રહી હતી; તેથી અમેરિકા વગેરે દેશોમાંથી અનાજની આયાત કરવી પડી હતી વળી હુંડીયામણના સંજોગો સારા નહી હોવાથી રૂ.નું અવમૂલ્યન કરવાની ફરજ પડી હતી. દેશની મોંઘવારી કૂદકે ભૂસકે આગળ વધી રહી હોવાથી સામાન્ય અને ગરીબ જનોને લગભગ ખાવા માટે અન્ન અને પહેરવા માટે વસ્ત્ર વગેરે મેળવવા બહુ મુશ્કેલી પડી હતી.

આ વર્ષે ચૂંટણી આવે છે. સને ૧૯૬૨માં થએલી ચૂંટણીનો જે ખર્ચ પક્ષોએ ચૂંટણી કમિશ્નર સમક્ષ રજૂ કર્યો હતો તે ખર્ચ અને આ સિવાય સરકારને થયેલ ખર્ચ લાગવગ વગેરે ખર્ચનો વિચાર કરીએ તો એમ જ જણાશે કે આવી ખર્ચાળ ચૂંટણી પદ્ધતિ હિંદ જેવા ગરીબ દેશને તદ્દન નકામી છે. વળી જે જનતાને પેટ પુરતું ભોજન મળી શકતું નથી, જે જનતાને ચોખ્ખુ દૂધ અને શુદ્ધ ઘી મળી શકતાં નથી, જે જનતા દર વર્ષ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાવૃષ્ટિની ભોગ બનતી હોય, જે જનતાના પ્રશ્નો એમને એમ ઊકેલ વગરના પડ્યા હોય છે અને જે જનતા પર અનેકગણા કરો લાદવામાં આવેલ હોય અને જે જનતાનો અમુક વર્ગ નિરીક્ષણ અને ભોળો હોય છે તે જનતાને આવી ખર્ચાળ પદ્ધતિ તદ્દન અવ્યવહારૂ છે. વળી ચૂંટણીની રીત એવી છે કે જે પક્ષ વધુ પૈસાનો ખર્ચ કરી શકે તેવો હોય, વધુ લાગવગ વાપરી શકે તેવો હોય તે પક્ષનો જ ઉમેદવાર ચૂંટાય છે તેથી ચારિત્રવાન અને પ્રમાણિક માણસો ચૂંટણીમાં બહાર પડવાનું સાહસ કરી શકતા નથી.

દેશમાં કતલખાનાઓ વધતા જાય છે, માછલાં પકડવાના કાર્યને ઉત્તેજન આપવામાં આવે છે, ખાદ્ય તેલનો બચાવ કરવા ખાતર સાબુમાં ચરબીનો છૂટથી ઉપયોગ કરવામાં આવતો હોય છે; વળી ઘઉંની અછતને કારણે પાઉં, ડબલ રોટી, કેક, બિસ્કીટ વગેરેની બનાવટમાં માછલાનો લોટ ભેળવવામાં આવતો હોય છે. વળી વેજીટેબલ ઘીમાં વિટામીનને નામે હિંસાને ઉત્તેજન આપતા તત્ત્વો નાંખવામાં આવતા હોય છે તે સમયે જૈન ધર્મના અનુયાયીઓને અહિંસામય જીવન જીવવું લગભગ અશક્ય છે.

આ નૂતન વર્ષે આપણે ઉન્નત જીવનનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી જીવન જીવવાની પ્રતિજ્ઞા કરવી જોઇએ અને એ આદર્શ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરવો જોઇએ. જો સદ્‌ગુણી અને સંસ્કારી બનવું હોય તો આદર્શને અનુસાર સદ્‌ગુણો કેળવવા જોઇએ. જીવનને ઉન્નત બનાવવા માટે મુખ્ય સદ્‌ગુણો—વિવેક, સંયમ, પુરુષાર્થ અને જાગૃતિ છે. આ ગુણો કેળવ્યા વિના આપણે જીવનને ભવ્ય બનાવી શકશું નહિ વળી આપણે આપણી બુદ્ધિ, મન, કર્મ વગેરેનું નિરીક્ષણ કરી એમને સુધારવા પ્રયાસ કરવો જોઇએ. સૂતાં પહેલાં આપણે આપણો હિસાબ તપાસવો જોઇએ અને જે કંઈ અનુચિત થયું હોય તે ફરીથી ન કરવાનો નિશ્ચય કરવો જોઈએ. વળી આપણે નમ્ર બનવા માટે અંતર્મુખ બનવું જોઈએ. અંતર્મુખતા એક અરિસો છે તેમાં આપણે જેવા હોઇએ તેવું પ્રતિબિંબ પડે છે. નામ-સ્મરણ, સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણ, પ્રભુ પૂજન, ગુરુ વંદન વગેરે પાછળ અંતર્મુખ બનવાનો આશય છે; માટે તે કરવામાં દિવસનો અમુક સમય પસાર કરવાનો નિયમ રાખવો જોઈએ.

અત્યારે ભારતના લોકોનું નૈતિક ધોરણ નીચે ઉતરી ગયેલ છે અને માનસ ઉશ્કેરાટ ભરેલું બની ગયું છે. તેથી વાતવાતમાં ઉશ્કેરાઈ જઈ ઝગડો ઊભો કરવાના પ્રસંગો નજરે પડે છે. આનો ઉપાય એક જ છે, મનની શાંતિ માટે અમુક સમય સુધી અથવા અમુક સંખ્યામાં દરરોજ ઇશ્વરના નામનો જપ કરવાનો આ નૂતન વર્ષથી સંકલ્પ કરવો જરૂરી છે.

ગયે વર્ષે સભાની સામાન્ય સભાએ ઠરાવ્યું છે કે માસિકનું લવાજમ દર વર્ષના કાર્તક માસમાં લેવું. વળી કાગળ અને છપામણીની અસહ્ય મોંઘવારીને લીધે હવેથી દર બે વર્ષે આપવામાં આવતું ભેટનું પુસ્તક સહાય મળશે તો જ આપવું. તો વાર્ષિક સભાસદોને અને માસિકના ગ્રાહક બંધુઓને ખાસ વિનંતી છે કે તેઓ સભાના સભાસદો અને ગ્રાહકો તરીકે ચાલુ રહેશે અને સભાના માસિક અંગે સહાયરૂપ થશે.

આ નૂતન વર્ષ સર્વે લાઈફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને માસિકના ગ્રાહકોને સુખરૂપ નિવડો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૨ જો : : લેખાંક : ૧૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૧૭ મું

### વીરનો ગૃહસ્થાશ્રમ (૨)

બીજા બે જૂઠાણાં સંબંધી વાત કરતા પહેલા કન્યાલીક તથા ગવ્યાલીક સંબંધમાં જણાવવું અહીં પ્રાસંગિક છે કે જે ભેંસ કે ગાય ચાર શેર દૂધ દેતી હતી તે આઠ શેર દૂધ દરેક ટંકે આપે છે એમ કહેવું તે ગવ્યાલિકમાં જ આવે છે. આ વાત રાગથી થાય છે. દ્વેષથી તે ગાય કે ભેંસ દૂધ દરેક ટંકે દેતી હોય તેથી ઓછું દે છે એમ કહેવું તે પણ જૂઠી વાત હોઈ મોટા જૂઠામાં આવે છે. ભૌમ્યલિકમાં ભૂમિ-ઉપર હોય તેને મોટી ફળદ્રુપ કહેવી અથવા રાગ કે પોતાના સ્વાર્થને અંગે ઉપર ભૂમિને ફળદ્રુપ કહેવી અથવા દ્વેષથી એથી ઊલટું ફળદ્રુપ ભૂમિને ઉપર ભૂમિ કહેવી તે મોટાં જૂઠાણાંમાં આવે છે. ત્રીજું મોટું જૂઠાણું આ ભૂમ્યલિક છે. હિંદુસ્તાન ખેતી-પ્રધાન દેશ છે, તેમાં ભૂમિ સંબંધી વખાણ કરવાં, ઉપર ભૂમિને સારી કહેવી અથવા દ્વેષથી ખરાબ--ઉપર ભૂમિને ફળદ્રુપ કહેવી. કન્યાલિકમાં સર્વ દ્વીપદ એટલે બે પગે ચાલનારનો સમાવેશ થાય છે અને ગવ્યા-લિકમાં સર્વ ચતુષ્પદનો સમાવેશ થાય છે. ચોથું મોટું જૂઠાણાનું નામ થાપણમોસો કહેવાય છે. તમે આબરૂદાર છો એમ ધારી સલામતિ માટે માણસો પોતાની રોકડ કે ઘરેણાં તમારે ત્યાં અનામત મૂકી જાય તે પડાવી લેવાં, તમે મૂકી ગયા જ નથી, તેનો કોઈ સાક્ષી જ નથી, મારું લખાણ પણ નથી-એવી રીતની યુક્તિ કરી ગોટા વાળવાં-સત્યને છુપાવવું અને આવી બાબતમાં સાક્ષી પુરાવા તો ઘણેભાગે હોય જ નહિ. સામાના વિશ્વાસનો ગેરલાભ લેવો. કોર્ટમાં (ન્યાયાસન પાસે) જૂઠી સાક્ષી આપવી એ પાંચમું મોટું અસત્ય છે. એ સર્વ મોટકાં જૂઠા છે. સાક્ષી ઉપર તો કેસનો ઘણો આધાર છે. વકીલે ઉલ્લેખ અને જૂઠી સાક્ષીના સંબંધમાં સંભાળ રાખવાની જરૂર છે તે તો આ કુમતી વાત છે. શ્રાવક બને ત્યાંસુધી જૂઠું બોલે જ નહિ, પણ એ પાંચ મોટાં જૂઠામાંથી ચારેમાંથી એક પણ ન જ બોલે મહાવીરસ્વામી કદી બોલ્યા નહિ, એક પણ અસત્ય વાત ન કરી અને ગૃહસ્થ તરીકે કદી મોટું જૂઠાણું તો બોલ્યા જ નહિ, એ વાત ઘણી મહત્વની છે આજના કાળા બજારો જોતાં અને તે કરનારમાં જૈનોનો સારો ભાગ છે તે વિચારતાં આ વાત ઘણી મહત્વની છે અને ખાસ ધ્યાન ખેંચવા લાયક જરૂરી છે એમ લાગવાથી આ ગૃહસ્થાશ્રમ વિભાગને અંગે વધારે લખ્યું છે. પુસ્તક વાચનનું ખરું ફળ પણ આ જ છે. બાકી અમે તેટલું વાંચીએ, પણ તેની વર્તન (ચારિત્ર)પર અસર ન થાય તો સર્વ નકામું છે અને આ સર્વ બાબતો વર્તન પર અસર કરનારી છે એમ સમજવું. મહાવીર-સ્વામી મોટું જૂઠું બોલ્યા નહિ એટલું જ નહિ, પણ જરાએ ભળતું બોલ્યા નહિ અને રાજદ્વારી માણસ હોવા છતાં રાજકારણમાં પણ ગોટા વાળતું લગભગ અસત્ય ગણાય તેવુ ભળતું કે દ્વીઅર્થી પણ બોલ્યા નહિ એ બીજું અણુવ્રત થયું. આ બીજા વ્રતને અંગે વસુરાજાની કથા પ્રસિદ્ધ છે. ત્રીજા અણુવ્રતની મહાવીરસ્વામીએ પાલના કરી તે સંબંધમાં એટલું જણાવવાનું કે તેઓએ સ્વામી અદત્ત, જીવા-દત્ત, તીર્થંકરાદત્ત, ગુરુઅદત્ત એ ચારે પ્રકારના અદત્તને લીધું-દીધું નહિ સોનું, રૂપું, કે હીરા કોઈની માલિકીના હોય તે તેની પરવાનગી વગર લેવા કે કોઇપણ ચીજ ધણીની પરવાનગી વગર લેવી તેને સ્વામી અદત્ત કહેવાય છે. અત્યારના પીનલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાડમાં ચોરીની જે વ્યાખ્યા કરી છે તે આ સ્વામી અદત્તને લાગુ પડે છે. અને ચોરીની વ્યાખ્યા પીનલ કાડને મળતી લગભગ આ જૈન વ્યાખ્યા આવે છે. આ અદત્તના બીજા પ્રકારમાં જીવાદત્ત આવે છે. ફળ કે શાકે પોતાના જીવને વીદારવાની રજા આપી ન હોય તેને કાપવું તોડવું કે મોળવું-સમારવું તે સર્વને આ જીવાદત્તમાં સમાવેશ થાય છે. આ બીજું અદત્ત સમજવા યોગ્ય છે. ગૃહસ્થને તીર્થંકરનો હુકમ છે કે તેણે સાધુને આધાકર્મી આહાર ન દેવો, છતાં ગૃહસ્થ એવો એવો ભળતો આહાર સાધુને વહોરાવી દે તેને ત્રીજું તીર્થંકર અદત્ત કહેવામાં આવે છે અથવા શ્રાવક પોતે આ તીર્થંકરની આજ્ઞા વિરૂદ્ધ પડી જઇ અભક્ષ્ય અનંતકાય જીવનો આહાર કરે તે પણ એક રીતે તીર્થંકર અદત્ત જ છે, આ તીર્થંકરની આજ્ઞા ન ઉઠાવવી તે સર્વ તીર્થંકર અદત્તમાં આવે છે, એમાં આજ્ઞા ન ઉઠાવવા સાથે એવી ના પાડેલી ચીજનો કોઇ પણ પ્રકારે ઉપયોગ કરવો, પોતાના કે સાધુના સંબંધમાં તે ચીજો વાપરવી, ઉપયોગમાં લેવી તે સર્વનો આ તીર્થંકર અદત્તમાં સમાવેશ થાય છે. અને ચોથા અદત્તમાં ગુરૂ અદત્તનો સમાવેશ થાય છે. જૈન રીતિ એવી છે કે પોતે જે વહોરી લાવે તે સર્વ આખેઆખી ચીજ પ્રથમ ગુરૂ પાસે રજૂ કરવી જોઇએ. શિષ્યે જે ચીજ આણી હોય તે ગુરૂને બતાવવી જોઇએ એમ ન કરતાં પોતાના ઉપયોગમાં એ ચીજ લે તે ગુરૂ અદત્ત કહેવાય છે. આવી રીતે સ્વામી અદત્ત, તીર્થંકર અદત્ત, જીવ અદત્ત અને ગુરૂ અદત્તને મહાવીરસ્વામીએ લીધું જ નહિ અને લગભગ અણુવ્રતને મહાવ્રતની હદ સુધી પાળ્યું અને સાધુજીવન જે લેવાની તેમની ઇચ્છા હતી તેની તુલના કરી અને અણુવ્રતને મહાવ્રતની હદ સુધી પાળ્યા. બાકી શ્રાવકની હદમાં તો ચોરની ચોરેલી વસ્તુ ચોરેલી જાણી ઓછી કિંમતે પડાવી લેવી. ચોરેલી વસ્તુને ઓછી કિંમતે લેવી તે પીનલકોડ પ્રમાણે પણ ગુનો છે અને આ કાળમાં પણ ચોરેલી વસ્તુને જાણી જોઇને લેવી તે કિંમત અને સંયોગ પરથી જણાય છે. શ્રાવકની મર્યાદામાં ત્યાર પછી પ્રયોગાતિચાર આવે છે. એ ચોરીનો એક વિભાગ જ છે. ચોરને ચોરી કરવા પ્રેરણા કરવી ને ચોરને અમુક ગામ જવાની પ્રેરણા કરવી, પોતાનો ધંધો ચલાવવા સૂચના કરવી અથવા હાલ કેમ બેસી રહ્યા છો ? તેમ કહેવું, તેમણે ચોરેલી વસ્તુ કોઇ ન રાખે તો પોતે રાખશે એવી પ્રેરણા કરી અન્ય પાસે ચોરી કરાવવી તેનો પણ આ પ્રયોગાતિચારમાં અદત્તાદાનમાં સમાવેશ થાય છે ચોરને ચોરી કરવાના હથિયારોના, ઘર ફાડવાના કે તીજોરી તોડવાના હથિયારો આપવા તે પણ આ અદત્તાદાન અણુવ્રતમાં સમાવેશ થાય છે અને તે શ્રાવકને પણ નિષિદ્ધ છે. સાત પ્રકારના ચોર શાસ્ત્રમાં વર્ણવ્યા છેઃ ૧ ચોર. ૨ ચોરની પાસે રહેનાર. ૩ ચોરની સાથે ચોરીનો વિચાર કરનાર, સલાહ આપનાર. ૪ ચોરે કયાંથી ચોરી કરી છે તે ભેદ જાણનાર. ૫ ચોરીની વસ્તુ વેચનાર. ૬ ચોરને ખાવા આપનાર. ૭ ચોરને રહેવાનું સ્થાન આપનાર આમાંની કેટલીક બાબતનો તો અત્યારના પીનલકોડમાં પણ સમાવેશ થાય છે. દાખલા તરીકે ચોરનો ભેદજ્ઞ અથવા ચોરને ચોર જાણી ખાવા આપનારને અત્યારે ગુનો ગણતા નથી પણ જાતે ચોરી કરનાર અથવા ચોરનું સ્થાન જાણનાર ગુનામાં આવતો નથી ચોરીનો ગુનો કરવો તે બહુ આકરી વાત અસલના સમયમાં ગણાતી હતી અને કેટલીક વાર તો પકડાયલા સાબિત થયેલા ચોરને રાજાઓ દેહાંત દંડની સજા પણ કરતા હતા. આવી રીતે કરેલા અદત્તાદાનનો આ બીજો પ્રકાર વર્ધમાને તો કદી કર્યો નહિ અને કરનારને સારા જાણ્યા નહિ. અન્ય કોઇને ચોરી કરવાની તેમણે પ્રેરણા કદી કરી નહિ અને આવી રીતે શ્રાવકનું ત્રીજું વ્રત તેમણે પાળ્યું.

ત્રીજો અદત્તાદાનનો પ્રકાર તત્પ્રતિરૂપનો છે. એટલે ઘીમાં ડાલ્ડા ભેળવવાનો તથા ચોખામાં કાંકરા ભેળવવા, તેલમાં મુત્ર, હીંગમાં ખદીર (ખેરનો ભુકો), કે કેસમાં કસુંબો ભેળવવો એ સર્વ તત્પ્રતિરૂપ કહેવાય છે. કોઇપણ વસ્તુમાં ભેળવી શકાય તેવી વસ્તુને ભેળવી તેવી ભેળવેલી વસ્તુને મૂળ વસ્તુ તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેચવી તે તે સર્વનો સમાવેશ આ તત્પ્રતિરૂપમાં થાય છે અને શ્રાવકને તે અકર્તવ્ય છે. આ વાત મૂળ વસ્તુના ભાવને આ રીતે વધારવા પ્રયત્ન કરે છે અને અત્યારે તો વનસ્પતિ કે ડાલ્ડા વગેરેની એટલી ભેળસેળ થાય છે કે મૂળ વસ્તુને ઓળખી પણ શકાતી નથી. આ સર્વ અદત્તાદાનના પ્રકાર છે. આ સંબંધમાં અણુવ્રત પાળનાર શ્રાવકનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. આ કાળમાં સરકારના કેટલાક પ્રતિબંધોને અંગે જરૂર પ્રાપ્ત થાય છે. કહેવાની વાત એ છે કે આવી ભેળસેળ કરવી તે શ્રાવકને ઉચિત નથી. એમ કરવાથી અદત્તાદાનનો એક પ્રકાર જ થાય છે એમ સમજી શ્રાવકે આવા કામથી દૂર રહેવું. ચોથો અદત્તાદાનનો પ્રકાર વિરૂદ્ધ રાજ્યાતિક્રમનો આવે છે. રાજ્યે કાળાં બજારની બંધી કરી હોય કે અમુક બીજા રાજ્ય સાથે વ્યાપાર સંબંધ બંધ કર્યો હોય તેની સાથે સંબંધ આડકતરી રીતે કરવો અને પોતાનો લાભ જ જોવો અને રાજ્યના હુકમ કે ઠરાવને આડકતરી રીતે તોડવો તે સર્વ રાજ્યાતિક્રમ અદત્તાદાનમાં આવે છે. શ્રાવક એ કરે નહિ અને કરે તો તેનામાં શ્રાવકપણું ન રહે. અત્યારે થતા કાળા બજારને અંગે આ વાતમાં ખાસ ધ્યાન ખેંચવાનું એટલા માટે રહે છે કે અત્યારે કાળા બજાર કરવામાં જૈન વ્યાપારીઓ અગ્રસ્થાન લે છે અને એ આક્ષેપ તેના પર ન થવો જોઇએ. એક શાસ્ત્રના સારી રીતે અભ્યાસ કરનાર વિદ્વાન માણસ કહેતા કે જૈનનું પ્રમાણિકપણું હાઇ કોર્ટના જડજના પ્રમાણિકપણાથી ઓછું ન જ હોય અને તેની વિખ્યાતી પણ તેવી જ હોય. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. અને અદત્તાદાનના પાંચમા પ્રકારમાં કુડાં તોલ કે માપ ન રાખવાનો છે. શ્રાવકનો મણ ચાલીશ શેરનો જ થાય છે અને શેર પોતાના ગામના નિયમ પ્રમાણે ૪૦ રૂપિયાભારનો કે ૮૨$\frac{3}{4}$ રૂપિયાભારનો જ થાય. એમાં કોઇ પ્રકારનો પ્રપંચ કરવો નહિ, ભાવ કરીને જણાવીને ગમે તે ભાવ ક્રયવિક્રયની વસ્તુનો લેવામાં વાંધો નથી, પણ શેરને બદલે છત્રીશ રૂપિયાભાર આપવું તે અયોગ્ય છે. આ અદત્તાદાનનો પાંચમો પ્રકાર છે અને શ્રાવક] તે કદિ આચરે નહિ. વર્ધમાનકુમારે સમજણમાં આવ્યા પછી આ પ્રકાર કદી આચર્યો નહોતો. શ્રાવક તો કદિ દુકાળ પડશે અને પોતાની પાસે પડેલ વસ્તુના ભાવ વધી જશે એવું ઇચ્છે પણ નહિ અને પ્રમાણિકપણે સાદો સારો વેપાર કરે અને ચોરીને અંગે થતી અઢારે પ્રસૂતિઓને ત્યાગ કરે. તે અઢારે પ્રસૂતિઓ જાણવા લાયક હોવાથી અત્ર તેનું વર્ણન કરવું પ્રસ્તાવિક ધારવામાં આવ્યું છે. તે અઢારે પ્રસૂતિઓ આ રહીઃ–

ભલન એટલે ચોરમાં ભળવું, પોતે ચોરને કહેવું કે તું જરા બીક રાખીશ નહિ, હું તારી સાથે જ છું અને જરૂર પડયે તારામાં ભળી જઇશ. આવી રીતે ચોરને ચોરીનું ઉત્તેજન આપવું, પ્રેરણા કરવી તે ભલન નામની ચોરની પ્રસૂતિ કહેવાય છે. આવા પ્રકારની પ્રેરણા અને તેમાં ઉત્સાહ આપવો તે અણુવ્રત પાળનાર શ્રાવકથી બને જ નહિ અને તેટલા માટે તેને પ્રથમ પ્રસૂતિ કહેવામાં આવી છે. બીજી ચોરની પ્રસૂતિનું નામ કુશળ કહેવાય છે ચોર મળે ત્યારે તેના ખુશી સમાચાર પૂછવા, તેને સુખદુઃખની વાત પુછવી અને ચોરને કહે કે તારે કોઇ પણ પ્રકારનો ભય રાખવો નહિ અને તેને તબિયતના સમાચાર પુછવા એનો સમાવેશ આ બીજા પ્રકારની કુશળ પ્રસૂતિમાં થાય છે. ત્રીજા પ્રકારની પ્રસૂતિનું નામ તર્જા છે. તે હાથની સંજ્ઞાથી ચોર ચોરી કરવા મોકલે, એને મુખેથી ન કહે કે તું ચોરી કરવા જા, પણ સંજ્ઞા–નિશાની કરી ચોરી કરવા જવા માટે કહે એ ત્રીજી ચોરીની પ્રસૂતિ છે. ચોરને સંજ્ઞા કરીને ચોરી કરવા માટે મોકલવો તે આ પ્રસૂતિ છે: તેથી ચોર ચોરી કરે છે. આ નર્જા અથવા તર્જા પ્રસૂતિ છે અને તેવા પ્રકારની સંજ્ઞા કે નિશાની કરવી એ ત્રણ ચોરીની પ્રાથમિક પ્રસૂતિ છે એમ સમજવું. આ પ્રસૂતિઓ એ એક પ્રકારની ચોરી નહિ તો ચોરીને ઉત્પન્ન કરનારી દીકરીઓ છે, જો કે તેઓ ચોરીને જન્મ આપે છે, છતાં જાતે ચોરીની જ દીકરી છે અને તે તે પરિણામે ચોરી થાય છે. તેથી ચોરીને જન્માવનાર અને ચોરીની સંતતિ જ હોઇ જાતે એક ચોરીનો વિભાગ કે તૈયારી જ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ માટેના મંત્રો

( ૫ )

—દીપચંદ જીવણલાલ શાહ

### મંત્રોનું ગૂઢ રહસ્ય ( ૨ )

મનુષ્યો મુખ્યત્વે નીચેના સ્વભાવવાળા હોય છે. (૧) જ્ઞાનશક્તિવાળા. (૨) ભક્તિવાળા. (૩) ક્રિયાકાંડવાળા. વર્તમાન સમયમાં ક્રિયાકાંડમાં રસ લેનારા મનુષ્યો ઘણા હોય છે. આ સ્વભાવવાળા મનુષ્યોમાં મંત્રો બહુ પ્રચલિત હોય છે. મંત્રો સામાન્ય રીતે નીચે પ્રમાણે વહેંચી શકાય. (૧) શ્રદ્ધાના બળે કામ કરતાં મંત્રો. (૨) તેના અર્થના કારણે કાર્ય કરતાં મંત્રો. (૩) સ્વતંત્ર રીતે માત્ર તેના અવાજ–ઉચ્ચારણથી કાર્ય કરતાં મંત્રો.

મંત્રના પ્રયોગ કરનારની શ્રદ્ધા અને ઇચ્છાશક્તિથી પહેલા પ્રકારના મંત્રો અસર ઉત્પન્ન કરે છે. પ્રયોગ કરનાર તેમ જ જેના પર પ્રયોગ થાય છે તેને પણ શ્રદ્ધા હોય તો વધુ સારી અસર થાય છે. સર્પ–વીંછી ઉતારવાના મંત્રો આ પ્રકારના મંત્રો છે.

બીજા પ્રકારના મંત્રોનું સમજપૂર્વક વારંવાર રટણ કરવાથી તે શબ્દોના અર્થ મગજમાં ઘોળાય છે અને તે મંત્રોના શબ્દો અને અર્થનો રણકો મગજમાં સતત ગુંજતો રહે છે. નિષ્ઠા અને ભાવપૂર્વક મંત્ર જપવાથી મંત્ર જપનારનાં સૂક્ષ્મ શરીર (પ્રાણમયશરીર) પર અસર પડે છે અને તેના સૂક્ષ્મ શરીરના અણુઓ ઉચ્ચ ગતિએ આંદોલિત થાય છે.

ત્રીજા પ્રકારમાં અવાજની શક્તિ મારફત કાર્ય કરતાં મંત્રો:–મંત્રો અમુક આંદોલનો ઉત્પન્ન કરે છે. અવાજથી ઉત્પન્ન થતાં આ આંદોલનો મનુષ્યના સૂક્ષ્મ શરીરમાં સંવેદનો ઉત્પન્ન કરે છે. આ મંત્રોમાં વ્યવસ્થિત ધ્વનિ રચના હોય છે. સુંદર અનુનાદના રણકાયુક્ત સ્વરો તેમાં વપરાયા હોય છે. એવો મંત્ર ૐ પ્રણવ મંત્ર છે. ૐકારના ઉચ્ચારણની બીજી એક અદૃશ્ય અસર થાય છે. ૐકારનો ધ્વનિ થતાં આપણા સૂક્ષ્મ શરીરના પરમાણુઓ "સ્વાવઘન" બની જાય છે અને પછી મંત્રો મારફત આવનારી ઉચ્ચ અસરોને ઝીલવા તત્પર બને છે. મંત્રોના સતત રટણથી સૂક્ષ્મ શરીરો અમુક પ્રકારના ખાસ પ્રકારના આંદોલનોથી ટેવાતા જાય છે.

### ૐનું રહસ્ય :-

એક શબ્દથી બીજા શબ્દને અલગ કરનાર ભિન્નભિન્ન વિશિષ્ટતાઓને તેમાંથી ખેંચી લેવામાં આવે છે ત્યારે જે પાછળ રહે છે તેને સ્ફોટ કહે છે, જે શબ્દથી સ્ફોટમાં કોઈપણ વિશિષ્ટતા ન આવે અને સાથોસાથ તેના સ્વરૂપને સૌથી વધુ વ્યક્ત કરે તે શબ્દ જ સ્ફોટનું સૌથી સાચું પ્રતીક છે અને એ શબ્દ માત્ર ૐકાર જ છે; કારણકે अहम् આ ત્રણ અક્ષરો એકસાથે ઉચ્ચારાય છે ત્યારે ૐ બને છે અને આ અક્ષર બીજા બધા શક્ય ઉચ્ચારોનું સર્વ સામાન્ય પ્રતીક થઈ શકે છે. વળી બધા સ્પષ્ટ ઉચ્ચારિત શબ્દો મોઢાંની અંદરના ભાગમાં ઉત્પન્ન થાય છે. ઉચ્ચારણનો આરંભ જિહ્વાના મૂળથી થાય છે અને અંત ઓષ્ઠથી થાય છે. अ જીભના મૂળ અર્થાત્ કંઠમાંથી ઉત્પન્ન થાય છે અને म् અંતિમ ઓષ્ઠ્ય શબ્દ છે. उ તે શબ્દ લહરી સૂચવે છે. જો યોગ્ય રીતે ઉચ્ચારાય તો "ૐ" શબ્દોચ્ચારની સમગ્ર પ્રક્રિયાનું પ્રતીક થાય છે. આ કાર્ય અન્ય કોઈપણ શબ્દ સિદ્ધ કરી શકે નહિ; તેથી ૐ શબ્દ જ સ્ફોટનું સૌથી વધારે યોગ્ય પ્રતીક છે. વળી પ્રતીક અને જેનું તે સૂચક છે તે વસ્તુ એ બન્નેને કદી અલગ કરી શકાય નહિ તેથી ૐ અને સ્ફોટ બન્ને એક જ છે. વળી સ્ફોટ એ વ્યક્ત જગતનું સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી પરમા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માની વધારે સમીપ છે અને વાસ્તવમાં પરમાત્માના જ્ઞાનની પ્રથમ અભિવ્યક્તિ છે; એટલા માટે ૐ પરમાત્માનો સાચો સંજ્ઞાવાચક શબ્દ છે. તેથી ૐ પરમાત્માના ધ્યાનમાં અને પરમાત્માની પ્રાપ્તિમાં સહાયક બને છે. કહ્યું છે કે—

ॐकार विंदु संयुक्तं नित्यं ध्यायंति योगिन:
कामदं मोक्षदंचेव ॐकाराय नमोनम:

શ્રી પંચપરમેષ્ઠિઓનો વાચક "ૐકાર" છે ૐ અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ (મુનિ) એ પાંચ નમસ્કારના પ્રથમ અક્ષરો ( अ+अ+आ+उ+म ) વડે બનેલો છે. પંચપરમેષ્ઠિનો વાચક હોવાથી ૐકારને સર્વ મંત્રોનું સાર તત્વ કહે છે. માત્ર ૐનો જાપ કરવાથી આત્મા નિર્મળ બને છે. વળી ૐકાર એ પ્રણવબીજ છે.

મંત્ર:—ૐ ह्रीँ नम:

ह्रीँ એ માયાબીજ છે. ह्रीँ એ શક્તિબીજ છે. ह्रीँ આત્મબીજ છે તેથી ह्रीँકારનો વિધિયુક્ત ઉપાંશુ જાપ મનુષ્યે કરવો જોઇએ.

મંત્ર:—ૐ अर्हं नम:

अर्हं પદ સઘળા અર્હંતોનું વાચક છે. વળી अर्हं એ સિદ્ધચક્રનું આદિબીજ છે. સકળ આગમોનું રહસ્ય છે. સર્વ વિઘ્નોનો નાશ કરનાર છે; વળી સ્વર્ગાદિ સુખો આપવા માટે કલ્પદ્રુમ સમાન છે. अर्हं પદનો જાપ કરવાથી તથા તેના અર્થની ભાવના ( ધ્યાન ) કરવાથી ચૈતન્યનો સાક્ષાત્કાર થાય છે.

**બીજાક્ષરો :—**

ह्राँ ह्रीँ ह्रुँ ह्रूँ ह्रेँ ह्रैँ ह्रौँ ह्रः

સામાન્ય બીજના ધર્મો જેમાં છે તે બીજાક્ષર કહેવાય છે. જેમ બીજ બીજમાંથી અંકુરો ફૂટે છે અને ફળ નીપજે છે તેમ આ બીજાષ્ટકમાંથી શાન્ત્યાદિ ક્રિયારૂપ ફળ નીપજે છે.

ચક્ષુઇંદ્રિયવડે દર્શન, વાણીવડે સ્તવન અને કાયાવડે નમસ્કાર એ ત્રણેના કરતાં બીજના ભાવપૂર્વક સ્મરણનું ફળ વધારે છે. માનસિક સ્મરણના આ મહાન ફળને જાણવું અને અનુભવવું તે એક આધ્યાત્મિક માર્ગનું રહસ્ય છે.

**મંત્ર :—ૐ ह्रीँ श्रीँ अर्हँ नम:**

બીજાક્ષર ह्रीँ કારના ત્રણ અક્ષરો છે, ह+र+ईँ ह અરિહંતથી र ધરણેન્દ્રથી અને ई સરસ્વતીથી નિષ્પન્ન થાય છે.

બીજાક્ષર श्रीँકારમાં ચાર અક્ષરો છે श्+र्+ई+म् આ ચાર અક્ષરોમાંથી પહેલો અક્ષર श् શ્રુતજ્ઞાનનો, બીજો અક્ષર र् ધરણેન્દ્રનો, ત્રીજો અક્ષર ई પદ્માવતીનો અને ચોથો અક્ષર म् મુનિનો વાચક છે.

બીજાક્ષર ह्रूँકારમાં પાંચ અક્ષરો છે ह+र्+ऊ+उ+म् ह् કારથી અર્હંત, र्કારથી ધરણેન્દ્ર, ऊકારથી સૂરિ, उકારથી ઉપાધ્યાય અને म्કારથી મુનિનો અર્થ બતાવે છે.

બીજાક્ષર ह्रौँકારમાં પાંચ અક્ષરો છે ह्+र्+अ+उ+म् પ્રથમ અક્ષર ह् અરિહંતનો, र् ધરણેન્દ્રનો, अ અદેહ એટલે સિદ્ધનો, उ ઉપાધ્યાયનો, म् મુનિનો વાચક છે.

બીજાક્ષર ह्रः માં ચાર અક્ષરો છે. ह+र्+अ+स—ह् અરિહંતનો, र् ધરણેન્દ્રનો, अ અદેહ એટલે સિદ્ધનો, स् તપનો વાચક છે.

अर्हं પદમાં ત્રણ અક્ષરો છે अ+र+हँ अर्हं अथी જ્ઞાન र् થી દર્શન અને ह्थी ચારિત્ર એ ત્રણ આત્માના રત્નો છે એમ થાય છે.

For Private And Personal Use Only

मन्त्रं संसारसारं त्रिजगदनुपमं सर्वं पापारिमन्त्रं
संसारोच्छेद मन्त्रं विषमविषहरं
कर्मनिर्मूल मन्त्रम् ।
मन्त्रं सिद्धि प्रधानं शिवसुखजननं
केवलज्ञान मन्त्रं
मन्त्रं श्रीजैन मन्त्रं जपजप जपिते
जन्म निर्वाण मन्त्रम् ॥

ધ્યાન કરનારે ત્રણ ગઢથી પ્રકાશવાળા સમવસરણની મધ્યમાં રહેલા ચોસઠ ઈન્દ્રોથી જેમના ચરણકમળ પૂજાય છે એવા અને ત્રણ છત્રો, પુષ્પ વૃષ્ટિ, સિંહાસન, ચામર, અશોક વૃક્ષ, દુંદુભિ, દિવ્યધ્વનિ અને ભામંડળ એમ આઠ પ્રાતિહાર્યોથી અલંકૃત, સિંહના લાંછન વાળા, સુવર્ણ જેવી કાંતિવાળા, પર્ષદામાં વિરાજમાન શ્રી વર્ધમાન જિનેશ્વરને હૃદયમાં સાક્ષાત્ જોવા. વળી જપ કરનારે એમની અંદર નેત્ર અને મનને લીન કરીને નીચેના મંત્રનો એકસો આઠ વાર જાપ કરવો.

अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहु ॥

**મંત્ર :—**

ॐ नमो नमो ह्रां ह्रीं ह्रूं ह्रः यः क्षः ह्रीं फट फट स्वाहा ।

આ સોળ અક્ષરનો મંત્ર છે. આ મંત્રમાં વપરાયેલા અક્ષરો પૃથક્‌પણે કેવો ભાવ દર્શાવનારા છે તે નીચે બતાવેલ છે.

ॐ આ મંત્રાક્ષર સર્વ મંત્રોનો સેતુ હોવાથી પ્રથમ બોલાય છે.

नमो नमो જે મંત્રાધિષ્ઠાયક પ્રત્યે અંતરંગ ભક્તિ દર્શાવે છે.

ह्रां આ મંત્રાક્ષર સર્વ સંપત્તિઓનું પ્રભવ સ્થાન છે.

ह्रीं આ મંત્રાક્ષર અતિ દુઃખ દાવાનળને શમાવનારો, ઘોર ઉપસર્ગોને દૂર કરનારો છે.

ह्रूं આ મંત્રાક્ષર વિજય અને રક્ષણને આપનારો છે.

ह्रः આ મંત્રાક્ષર શત્રુઓના કૂટ વ્યુહોનો નાશ કરનાર છે.

यः આ મંત્રાક્ષર સર્વ અશુભોનું પ્રશમન કરનાર છે.

क्षः આ મંત્રાક્ષર ભૂત તથા ગ્રહોની માઠી અસરને દૂર કરનાર છે.

ह्रीं આ મંત્રાક્ષર સર્વ ભયોનો નાશ કરનાર છે.

फट् फट्; फट् તાડન અને રક્ષણ બન્ને માટે વપરાય છે. અહીં રક્ષણનો અર્થ ગ્રહણ કરવા યોગ્ય છે.

स्वाहा આ મંત્રાક્ષરો શાંતિ માટેનું પલ્લવ છે.

**મંત્ર :–**सौं ह्रीं नमः આ મંત્રમાં ह्रीं એ મંત્રબીજ છે ह्रीं માં ह् પાર્શ્વજિન સંજ્ઞક છે, નીચે જે ^ રેફ છે તે ધરણેન્દ્ર સંજ્ઞક છે, ईं અનુસ્વારથી યુક્ત છે તે પદ્માવતી સંજ્ઞક છે.

મંત્ર વિશારદોએ મંત્રસિદ્ધિ માટે પાંચ પગથીયાં બતાવ્યા છે (૧) અભિગમન જે સ્થાનનો ઉપયોગ કરવો તેની શુદ્ધિ કરવી (૨) ઉપાદાન—મંત્ર સાધના માટે જરૂરી ઉપકરણો ભેગાં કરવાં (૩) ઈજ્યા—પ્રાણાયામ અને ન્યાસપૂર્વક પંચોપચાર(સુગંધી પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ) આદિ ઉપચારો કરવા (૪) સ્વાધ્યાય—મંત્રનો વિધિ પુરઃસર જપ કરવો. (૫) યોગ—મંત્રના અધીશ્વરનું ધ્યાન ધરવું.

અર્થ અને રહસ્ય પરત્વે મંત્રની સાત ભૂમિકાઓ હોય છે (૧) પ્રકટ (૨) ગુપ્ત (૩) ગુપ્તતર (૪) સંપ્રદાય (૫) કુલ (૬) નિર્ગર્ભ (ગુરૂ પરંપરાઓવાળુ રહસ્ય) (૭) પરાપર (સૂક્ષ્મ રહસ્ય). પહેલા બે નંબર અર્થની ભૂમિકાઓ છે અને પછીના પાંચ નંબર રહસ્યની ભૂમિકાઓ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મોભ' અને એના સંબંધીઓ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

આજકાલ કેટલેક વખત થયા શ્રી વિજયધુરંધરસૂરિજી બપોરના અહીં (સુરત)માં પોતાના શિષ્યાદિને વિયાહપણ્ણત્તિ (ભગવતીસૂત્ર)નું અને સાથે સાથે નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૨૮ માં અણહિલપુર પાટણમાં યશશ્ચન્દ્રગણિની સહાયતાથી પૂર્ણ કરેલી અને દ્રોણસૂરિ દ્વારા સંશોધિત આ આગમની વૃત્તિનું અધ્યયન કરાવે છે. આ પાંચમા અંગના (સયગ ૮, ઉદ્દેસગ ૬, સુત્ત ૩૩૫)ની વૃત્તિ(પત્ર ૩૭૭ આ)માં 'મોભ' શબ્દ વપરાયો છે એ બાબત મારું ઉપર્યુક્ત સૂરિજીએ લક્ષ્ય ખેંચતાં હું આ લઘુ લેખ લખવા પ્રેરાયો છું કેમકે જેમ ગણિતશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એ મારા પ્રિય વિષયો છે તેમ ભાષાવિજ્ઞાન પણ છે અને એથી તો મને શબ્દોનાં મૂળ જાણવાની સહજ અને સતત ઉત્કંઠા રહે છે.

'મોભ' એ ગુજરાતી ભાષામાં વપરાતો શબ્દ છે. એનો અર્થ 'છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું' થાય છે.[1] મોભના છેડાને 'મોભાગ્ર' કહે છે અને એના જેવી અણી બુદ્ધિવાળાને 'મોભાગ્ર બુદ્ધિ' કહે છે. 'મોભ' અર્થમાં 'મોભિયું' શબ્દ પણ વપરાય છે. છાપરાનો મોભવાળો ભાગ તે 'મોભારો' અને મોભ ઉપર ઢાંકવાના મોટા નળિયાને 'મોભારિયું' કહે છે.

'મોભ' શબ્દ 'નેવનાં પાણી મોભે ચડ્યાં' પંક્તિમાં તેમ જ 'મોભને ખીલા ઘણા' પંક્તિમાં વપરાયો છે. એ ઉપરથી 'મોભ' શબ્દ ગુજરાતીમાં ક્યારથી વપરાતો થયો તેની ઝાંખી થાય છે.

નિમ્નલિખિત શબ્દોનો ઉપલક દ્રષ્ટિએ વિચાર કરતાં એ 'મોભ' ઉપરથી લાક્ષણિક અર્થમાં ઉદ્ભવ્યા હશે એમ ભાસે છે:—

'મોભી'=ઘરનો વડો માણસ; મોભણ=કુટુંબની મુખ્ય સ્ત્રી; પ્રતિષ્ઠા યાને આબરૂ-ઇજ્જત એ અર્થવાળો 'મોભો' કે પછી 'મોભ્ભો' શબ્દ પણ 'મોભ'નો સંબંધી કરે તો ના નહિ

આ લેખ લખવાનું મુખ્ય કારણ તે અભયદેવસૂરિની ઉપર્યુક્ત વૃત્તિગત નીચે મુજબની પંક્તિ છે:—

"बलहरणे त्ति धारणयोरुपरिवर्त्ति तिर्यगायतकाष्ठं 'मोभ' इति यत् प्रसिद्धं".

1. અંગ્રેજીમાં એને 'The beam of a house' કહે છે.

---

લઘુશાંતિ એ મંત્રગર્ભિત ચમત્કારિક તાંત્રિક કૃતિ છે. જે મનુષ્યો લઘુશાંતિ સ્તવનનો ભાવનાપૂર્વક પાઠ કરે છે અથવા બીજા પાસેથી તેને ભાવનાપૂર્વક સાંભળે છે તેને સમાધિપદ પ્રાપ્ત થાય છે. મંત્રની ભાવના કરવી એટલે મંત્રના અધીશ્વરનો જપ કરવો તથા મંત્રના અર્થની વિચારણા કરવી એટલે કે જેઓ મંત્રના અધિશ્વર શ્રી શાંતિનાથ ભગવાનનો જપ કરે છે અને તેમની મૂર્તિનું ધ્યાન ધરે છે તેઓ સમાધિ અનુભવે છે અને શાંતિપદ (મોક્ષ) પ્રાપ્ત કરે છે. ઇષ્ટદેવતાનું શરીર મંત્રમય હોય છે. તેનું ચરણથી લઈને મસ્તક પર્યંત ધ્યાન ધરવું તેને મંત્રભાવના કહે છે.

શાંતિનાથ ભગવાનનો મંત્ર નીચે પ્રમાણે છે.

ॐ भगवतेऽर्हते शांतिजिनाथ नमोनमः

આ મંત્ર સોળ અક્ષરનો છે. યોગી આનંદઘનજી મહારાજે કહ્યું છે કે મુદ્રા, મંત્રબીજની ધારણા, મંત્રાક્ષરોનો દેહમાં ન્યાસ અને વિનિયોગ પ્રમાણે (મંત્રના હેતુ પ્રમાણે) અર્થની ભાવનાપૂર્વક જે શ્રી જિનેશ્વરનું ધ્યાન કરે છે તે ફળથી વંચિત થતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી ' મોભ ' માટે પ્રાકૃતમાં 'બલહરણુ' શબ્દ હોવાનું જાણવા મળે છે.

સામાન્ય રીતે ગુજરાતી ભાષાનો ઉદ્ભવ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિની ઉત્તરાવસ્થા-લગભગ વિ. સં. ૧૨૦૦ થી મનાય છે જ્યારે ઉપર્યુક્ત ઉલ્લેખ વિ. સં. ૧૧૨૮ નો-લગભગ સો વર્ષ જેટલો પ્રાચીન છે. આથી ' મોભ ' શબ્દ મૂળે ગુજરાતીનો ન ગણાય અને વાત પણ સાચી છે કેમકે ' કલિ૦ ' હેમચન્દ્રસૂરિએ **રયણાવલી** નામના દેસિયસદ્દસંગહ (વર્ગ ૬, શ્લો. ૧૩૩)માં પ્રસ્તુત અર્થમાં 'મુબ્ભ' અને વર્ગ ૮, શ્લો. ૪માં ' મોબ્ભ ' શબ્દ આપ્યો છે અને જેની સ્વોપજ્ઞ વૃત્તિમાં ' ઘર ઉપરનું આડું લાકડું ' એવો અર્થ દર્શાવ્યો છે આથી હાલ તુરત તો આ મુજબ કે પછી મોબ્ભ ઉપરથી ગુજરાતીમાં ' મોભ ' શબ્દ નિષ્પન્ન થયો એમ માનવું રહ્યું.

અંતમાં કેટલાકની એ માન્યતા નોંધીશ કે મોભ બદલાતાં એ જો બરાબર ન બેસાડાય તો ઘરના મુખ્ય માણસને હેરાનગતિ એતું મૃત્યુયે થાય છે.

## ધન્ય દંપતિ

( લે૦ પ્રો. **હીરાલાલ ર. કાપડિયા. એમ. એ.** )

સમુદ્રવિજય છે તાત નેમિના, જનની શિવા દેવી,
હા નવ પાડે લગ્નની નેમિ, શક્તિ જો કે અનેરી;
ઈચ્છા માતપિતાની જતી બધી નકામી.—૧

મુરલીધરનાં કાકી શિવા, આજ્ઞા તેમની માની,
કૃષ્ણ કરે છે કાલાવાલા, બળરામ એમાં સાથી;
વળે ન તેમનું કાંઇ શિલા પર જેમ પાણી —૨

એક દિન હરિ નિમંત્રે, નેમિ જળક્રીડાને સાટે,
દેવકીનન્દન અન્તઃપુર ને નેમિ આવ્યા ઘાટે;
છાંટે વિનોદે પાણી દિયરને સહુ રાણી.—૩

રંગ જમાવ્યો ભામાએ તો મલક્યું નેમિ મુખડું,
સંમતિ એ છે લગ્નની નક્કી બેસાડ્યું ત્યાં ચોકઠું;
ના નહીં નેમિ પાડે, વધાઈ બધે ફેલાયે.—૪

ધારિણીનન્દિની રાજુલા જે ભામા કેરી ભગિની,
ઉગ્રસેનની કન્યા એ છે, કૃષ્ણે એને યાચી;
વાત સ્વીકારી સાચે રાજુલના એ તાતે.—૫

શુભ તિથિ ને શુભ ચોઘડિયે જ્યાં જાન નેમિની જાયે,
ઢાકમાઢ ને ધામધૂમથી ચઢતું તાન બધાને;
નારી ઉમંગે નાચે, ઝીલી તાળી રાચે—૬

નગરે આવે વરઘોડો ત્યાં રાજુલ ચડતી ગોખે,
સાહેલીઓ નીરખી નેમિને રાજુલાને સુણાવે;
વર છે કાળો કાળો, હબસીનો શું સાળો ?—૭

સચોટ ઉત્તર આપે રાજુલ, સહિયર ધારે ચૂપકી,
એકાએક કરે પોકારો પિંજર પૂરેલ પ્રાણી;
પશુઓની છે સેના, મયૂર, પોપટ, મેના.—૮

સુણી પોકારો પૂછે નેમિ, સારથિ ઉત્તર આપે,
આજે થાશે લગ્ન તમારાં, ગોરવ કાજે કાલે;
પેલાં પ્રાણી મરાશે, રથને નેમિ વળાવે.—૯

તોરણથી રથ નેમિ ફેરો ફરતો પાછો પેખી,
માતપિતા ત્યાં આવે ધસમસ, નેમિ કરે ના શેખી;
રાજુલ ડૂસકે રડતી, ધરણી પર આળોટી.-૧૦

ભંગ પડ્યો ત્યાં રંગમાં પૂરો, નેમિ ના ગણકારે,
સંયમ કાજે જાય ગિરનારે ભાવમુનિના ધારે;
વર્ષે રાજુલ જાયે, અમર બન્ને થાયે.-૧૧

ભાગ્યશાળી એ દંપતી સાચે કૃતાર્થતાને વરતાં,
રસિકનન્દે કરી પ્રશંસા : ધન્ય રાજુલ ને નેમિ;
હીરે અન્તરંગ પ્રેમી કરતા જગને ક્ષેમી.-૧૨

( હિંદ મિલન મંદિરના સૌજન્યથી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાંતેજ તીર્થનો મહીમા

લેખક: માણેકલાલ છગનલાલ મહેતા-અમદાવાદ

અમદાવાદ-બહુચરાજીથી રેલ્વે લાઇન ઉપર, રાંતેજ એ ભોયણી પછી ત્રીજું જ સ્ટેશન છે. સ્ટેશન ઉપર પેઢીનો પટાવાળો તથા બળદગાડી દરેક ગાડી ઉપર હાજર રહે છે. સ્ટેશનથી ગામ બહુ દૂર નથી. હાલ ત્યાં ૧૨૫ માણસોની જૈન વસ્તી છે. મૂળ રત્નાવતી નગરી હતી. અને જૈનોની સારી વસ્તી હતી. હાલમાં ત્યાં દરેક જાતની સગવડ છે. ધર્મશાળા, ઉપાશ્રય, દેરાસર વગેરે સુંદર છે.

મૂળમાં સ્વપ્નાં આવવાથી, ખોદકામ કરતાં હાલ જે દેરાસર છે તે આખું બાવન જીનાલયનું દેરાસર ભુમીમાંથી દટાયેલું ખોદી કાઢવામાં આવ્યું હતું. ત્યારે તેમાં એક પણ મૂર્તિ નહોતી. તદ્દન ખાલી હતું. ત્યાર પછી કટોસણના એક શ્રાવકને ઉપરા-ઉપરી સ્વપ્નું આવ્યું કે અમુક ટેકરામાંથી અમને કાઢો તે ટેકરા ઉપર જૈનેતર લોકોની ચણેલી દેવડીઓ હતી. એટલે ખોદવાને ઇન્કાર કરતાં, જૈનોએ કબુલાત આપી કે તેવી દેવડીઓ તેઓ જ્યાં કહેશે ત્યાં નવી કરાવી આપીશું. આજે ગામની ભાગોળમાં તે દેવડીઓ કરાવી આપેલી મોજુદ છે. હવે તે ખોદતાં ત્યાંથી ૧૮ પ્રતિમાઓ અખંડ મળી આવી. મુખ્યત્વે તે બધી જ શ્રી સંપ્રતિરાજાના વખતની મોટી અને પુરાણી છે. રમણિય, આકર્ષણિય તથા દર્શનીય છે. દર્શન કરતાં નજર પકડી લે છે અને હૈયું નમી પડે છે. ઘણા ચમત્કારો થયા છે અને થાય છે. પછી બાકીની પ્રતિમાઓ બહારથી લાવવામાં આવી. બાવને-જિનાલય **શીખરબંધી** છે. એટલે પવનથી ધજાઓ મોરના ટહુકાર સાથે લહેરતી હોય છે ત્યારે દશ્ય મનોરંજક બને છે. આનંદ આપે તેવો વિશાળ ચોક છે જ્યાં ગરમી કે ચાંદનીમાં બેસવાની બહુ જ મજા પડે છે. દેરાસર ઘણું પુરાણું છે. મૂળનાયક બ્રહ્મચારી ભગવાન શ્રી નેમિશ્વરજીની શ્યામ અને ઘાણી જ હૃદય ઉલ્લાસ આપનારી પ્રતિમા છે. ધ્યાન ધરવા લાયક છે. ભાવના ફળે છે.

ત્યારપછી થોડા વર્ષ પછી તેજ ગામમાંથી ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની મોટી પ્રતિમા પ્રગટ થઈ. તેમની ઉપરના ભાગમાં પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે તે પણ સંપ્રતિરાજાનાં સમયની છે આ પ્રભુ બહુ ચમત્કારી છે. જુદાં જુદાં સ્વરૂપ આજે પણ દેખાય છે. ભગવાનની બરોબર સન્મુખ ઉભા રહી દર્શન કરો અને જુઓ, અને ત્યાર પછી ખમાસણું દેતાં જુઓ તો તે જ વખતે પણ ઘણો ફેરફાર માલૂમ પડે છે. તેમનું ધ્યાન ધરવાથી હૈયામાં અનેરું સંચાલન થાય છે.

જાત્રાળુઓએ આ તીર્થમાં જવા જેવું છે. રાંતેજથી ભોયણી, કલોલ, સેરીસા, પાનસર, અમદાવાદ, શંખેશ્વરજી-મહેસાણા-હારીજ, કંબોઇ, વીરમગામ, ઉપરીઆલા, શંખલપુર વગેરે સ્થળોએ રેલ્વે અને મોટર મારફત જઈ શકાય છે. એવું સગવડીયું છે. હું તો ત્યાં યાત્રા-ભક્તિ અને નીરીક્ષણ કરવા ત્રણ દિવસ માટે ગયેલો, તે બદલે ૧૩ દિવસ થયા. આ સ્થળ આરોગ્ય સચવાય તેવું ઘણું રસાળ, હવા-પાણી દૂધ વગેરે સારું છે. ધ્યાન ધરવા શાંતિનું અનુપમ સ્થાન છે. યાત્રાળુઓએ જવું જ જોઇએ. અને સંખ્યા વધે તો ત્યાં વધારે સગવડ કરી શકે તેવા સ્થાનિક જૈનો-ટ્રસ્ટીઓ છે. ભાવિક છે.

આપણે ધર્મના નામે ઘણું જ ખર્ચતા હોઇએ છીએ પણ શ્રાવક અને સાધુ સમાજે ભુગર્ભમાં છુપાયલાં આપણાં પુરાણાં સ્થાપત્યો મૂર્તિઓ વગેરેનાં શોધન કાર્ય માટે કોઈ સારું ફંડ ઊભું કરવા ધ્યાન દીધું જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




નથી. પરિણામે આપણું વિપુલ સ્થાપત્ય ધન ભુગર્ભમાં જ પડી રહેલું છે. રાંતેજમાં પહેલાં વસ્તી વધારે-એટલે વધારે દેરાસરો હતાં તે આવું આ દેરાસર પુરવાર કરે છે. અને તે ઉપરથી ખોદકામ શોધન જો હાથ ધરવામાં આવે તો હજુ બીજી પુરાણી પ્રતિમાઓ કે દેરાસરો, આ પ્રમાણે નીકળી આવે તેવો ઘણો સંભવ છે. પુરાણી પ્રતિમાઓનાં દર્શન કરતાં જે પ્રતિભા આપણી ઉપર પડે છે અને ભાવ ઉપજે છે તેવું નવી પ્રતિમાઓમાં હોતું નથી. સંખ્યાબંધ પુરાણી પ્રતિમાઓ ભુગર્ભમાં હોવા છતાં અને બીજાં જૈન વસ્તી વગરનાં દેરાસરોમાં હોવા છતાં તેમને છોડી દઈ, વિપુલ ખર્ચ કરી નવી પ્રતિમાઓ પુરપાટ ભરાવવામાં આવે છે એ ખેદજનક યા આજે અસ્થાને છે. માનવ મુર્તિઓને ના વધારતાં, પુરાણી મુર્તિઓને ભુગર્ભમાં રહેવા દઈ, આ નવી મુર્તિઓ વધારવી એ વર્તમાન અને ભાવિ કાળ જોતાં વધારે શું ડહાપણ ભરેલું છે તે જરા વિચારશો ? માનવમુર્તિઓ પુરતી હશે તો જ આ મુર્તિઓ પૂજાશે. નહીં તો કેટલાંયે દેરાસરો શ્રાવકો ના હોવાથી પુજારીને સોંપી છોડી દેવામાં આવે છે. ને અપૂજ પણ રહે છે. તેમાં વૃદ્ધિ કરવા જેવું નથી લાગતું ?

આપણે નવી મુર્તિઓ ભરાવી પછી તે મુર્તિ અનેક મુર્તિઓનું કામ કરનાર એક પુજારીને વધારામાં સોંપી દઇએ છીએ પછી ફુરસદ મળે તો અને ત્યારે બે-ચાર વર્ષે તે મુર્તિની ખબર કાઢીએ છીએ. હવે અનેક મુર્તિઓનું કામ કરનાર, માત્ર તમારી મુર્તિ ઉપર, સર્વવ્યાપક ફક્ત પાણીનું પોતું જ ફેરવતો આગળ વધતો જ જાય છે. અને આટલું કામ જેમ તેમ પુરૂં થઈ જાય તેટલી જ દ્રષ્ટિ તેની હોય છે. કેમ સારૂં અને સફાઇ ભરેલું થાય તે તેને જોવું નથી. અને પાલવે પણ નહીં. પુજારીને સોંપવાની જ, ફક્ત મુર્તિ ભરાવવાથી, કાંઈ તીર્થંકર કર્મ કે પદ ઉપાર્જન થતું નથી.

જૈન આલમમાં ઘણાં શ્રીમંતો હોવા છતાં, માનવ મુર્તિઓનાં રક્ષણ અને વૃદ્ધિ માટે હજુ કાંઇ જોઇએ તેવું સક્રિય પગલું લેવાતું નથી. આ માર્ગમાં ઉપદેશની પ્રાથમિક અને સર્વોપરી ઘણી જ આવશ્યકતા છે.

રાંતેજમાં અડધા મણ ઉપરની ઇંટો મળી આવે છે. પુજારી પણ સેવાભાવી અને જૈનધર્મનાં રહસ્યો સમજે તેવો રાગી છે.

આજનો વર્તમાનકાળ, ભાવી કાળની આગાહી આપે છે તેની સામે ટક્કર લેવા શ્રાવક ને સાધુ સમાજે કટીબદ્ધ થવાની બહુ જ અગત્યતા છે. માટે હાલ નવી મુર્તિઓ ભરાવવાની ચાલી રહેલી પ્રવૃત્તિ તદ્દન મોકુફ રાખી ભુગર્ભમાં પડેલું આપણું પુરાતન ધન બહાર કાઢવા, શ્રાવક અને સાધુ સમાજે તન-મન-ધનથી કે મન-વચન-કાયાથી કોશીષ કરે એ આખા ભારતને જરૂરી છે અને તે માટે એક સારૂં ફંડ ઊભું કરી આ માટે એક સંસ્થાનું સર્જન કરે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ આ કામ હાથ ધરવું જોઇએ એ આવશ્યક છે. એ મારી સકળ સંઘને નમ્ર અપીલ છે. શ્રી રસ્તુ ! !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પેજ ૪થી શરૂ )

અમુક સમયે નક્કી કરેલા ભાવે તે વેપારીએ શ્રીમદ્‌ને હીરાઓ પાછા આપવા એવો દસ્તાવેજ કરવામાં આવ્યો. એવું બન્યું કે સમય પાકતાં હીરાની કિંમત અસાધારણ વધી ગઇ અને તે વેપારી તે ભાવે હીરા આપે તો તેને ભારે નુકશાનીમાં ઉતરવું પડે અને પોતાની તમામ માલ મિલ્કત વેચી દેવી પડે. તે વખતે શ્રીમદ્ જાતે તે વેપારીની દુકાને ગયા અને તે દસ્તાવેજ ફાડી નાંખ્યો અને કહ્યું કે–રાયચંદ દૂધ પી શકે છે લોહી નહિ. તેમણે અમુક રૂા. લઇને તે વેપારીને દેવામાંથી મુક્ત કર્યો અને રૂા. પચાસ કે સાઠ હજાર ઓછા તે વેપારી પાસેથી લીધા.

આ ત્રણે પુસ્તકો સભાને ઉંઝા ફાર્મસીએ સમાલોચના માટે મોકલાવેલ છે.

**નવામતિ જૈનાચાર્યના ઉત્સૂત્રોની હારમાળા**—લેખક પૂજ્ય મુનિરાજ શ્રી હંસસાગરજી, કિં. રૂા. ૧–૫૦. પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન–શા. મોતીચંદ દીપચંદ, જિ૦–ભાવનગર. મુ૦ ઠળીયા (સૌરાષ્ટ્ર)

આ પુસ્તકમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતા સૂત્ર, સ્થાનાંગ સૂત્ર, મહાનિશીથ સૂત્ર, કલ્પસૂત્ર વગેરે ગ્રંથોના પાઠોના આધાર આપવામાં આવેલ છે.

પરમ પૂજ્ય મહા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ પ્રણીત **શ્રી તત્વતરંગિણી**–અનુવાદક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ. પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન–શા. મોતીચંદ દીપચંદ, જિ૦ ભાવનગર મુ૦ ઠળીયા વાયા–તળાજા (સૌરાષ્ટ્ર). કિંમત રૂા. ૪-૦૦.

આ ગ્રંથમાં તિથીઓના ક્ષય વૃદ્ધિની ચર્ચા કરેલ છે.

## શ્રી આત્માનંદ જૈન સભાનો રજત મહોત્સવ અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો સ્વાર્ગારોહણ મહોત્સવ

તા. ૮મી ઓકટોબર શનિવારે પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી, પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરિ આદિ વક્તાઓએ પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના ગુણાનુવાદ સંબંધી પ્રવચનો કર્યા હતા.

તા. ૯મી રવિવારે સવારે ઉદ્યોગપતિ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ પુજ્ય આચાર્યશ્રીને ભાવભરી અંજલિ આપી હતી. તેમણે કહ્યું કે પૂજ્ય આચાર્યશ્રીએ તેમના ગુરુ પૂજ્ય આત્મારામજી મહારાજના અંતિમ સંદેશાનુસાર ઠેર ઠેર વિદ્યામંદિરો ઊભા કર્યા હતા અને મધ્યમ વર્ગની ઉન્નતિ માટે પ્રયત્નો કર્યા હતા.

તા. ૯મી રવિવારે બપોરના ૨–૩૦ કલાકે રજત મહોત્સવ નિમિત્તે બિરલા માતુશ્રી સભાગારમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો કે જેમાં પરિવર્તન નામની નૃત્ય નાટિકા ભજવવામાં આવી હતી. તે વખતે મુંબઇમાં મધ્યમ વર્ગના લોકો માટે વસાહત સ્થાપવા "જૈન નગર"ની યોજના વિચારવામાં આવી હતી.

તા. ૧૦મી સોમવારે ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઇએ પૂજ્ય ગુરુદેવના જીવનની તલસ્પર્શી સમીક્ષા કરી હતી

આ પ્રસંગે એક સ્મૃતિ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમાં શરૂઆતમાં ન્યાયાંભોનિધિ પૂજ્ય આત્મારામજી મહારાજ, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના ફુલ સાઇઝ ફોટાઓ, સંસ્થાના હાલના પ્રમુખ–મંત્રીઓના ફોટાઓ, સંસ્થાના આદ્ય સંસ્થાપકો, પેટ્રનો અને પૂર્વ પ્રમુખ–મંત્રીઓના ફોટાઓ. જે પૂજ્ય શ્રમણ ભગવંતોએ આ સંસ્થાને પ્રેરણા આપેલ તેમના ફોટાઓ અને સમારંભના માનવંતા પ્રમુખ અને સમારંભના અતિથિ વિશેષના ટૂંક જીવન ચરિત્રો સહિત ફોટાઓ આપી સ્મૃતિ ગ્રંથને સુશોભિત કરવામાં આવેલ છે. વળી સ્મૃતિ ગ્રંથમાં નૃત્ય નાટિકા પરિવર્તનનો કથાસાર અને થોડા લેખો આપવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# समालोचना

શ્રીમદ્ રાજચંદ્રની વિ. સં. ૨૦૨૪ના કાર્તક શુદ પૂનમના આવતી જન્મ શતાબ્દી પ્રસંગ ઉજવવામાં આવશે. તે પ્રસંગને અનુલક્ષીને શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળે આજ સુધીમાં ત્રણ પુસ્તકો પ્રગટ કરેલ છે. તેમાં પ્રથમ **"રાજપદ"** કિંમત રૂા. ૦-૫૦ અને બીજું **"કર વિચાર તો પામ"** કિંમત રૂા. ૦-૬૦ અને ત્રીજુ **"જીવન સાધના"** કિંમત રૂા. ૧-૨૫ રાખવામાં આવેલ છે. વિશેષ આ મંડળે જન્મ શતાબ્દી ઉપર એક શતાબ્દી અંક પણ પ્રગટ કરવા વિચાર રાખેલ છે.

(૧) **"રાજપદ"**માં શ્રીમદ્ રાજચંદ્રના આધ્યાત્મિક પદોનો સંગ્રહ છે. આ પદો માત્ર કાવ્યો નથી પણ આત્માના શુદ્ધ અનુભવના ઉલ્લાસની વાચા છે, અંતરની સ્થિતપ્રજ્ઞતાના ઉદ્ગારો છે. પરમાત્મ-દર્શન અને એના વિશુદ્ધ માર્ગનું તેમાં દર્શન થાય છે. જેને આ સંસારનો ત્રાસ ભાસ્યો હોય અને છૂટવાની સાચી ભાવના જાગેલ હોય એવા મુમુક્ષુને આ પદો સહાયરૂપ થશે.

(૨) **"કર વિચાર તો પામ"** (ભાગ ૧-૨)માં શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતો આપેલ છે. સામાન્ય રીતે દરેક વચન એક વિચાર પ્રેરે એવું છે. દરેક વચનનું મનન અને નિદિધ્યાસન અંતરને અજવાળશે અને અજ્ઞાનથી ઉત્પન્ન થતી મૂંઝવણો દૂર કરી જ્ઞાનમય નિર્મળ આત્મ વિચારણામાં લઈ જશે. મહા પુરુષોની દૃષ્ટિમાં આ જગતના પદાર્થોનાં જે મૂલ્યાંકનો છે તે જ સાચા સુખના હેતુઓ છે તે બાબત આ વચનોના મનનથી સમજાશે.

(૩) **શ્રીમદ્ રાજચંદ્ર જીવન સાધના**–લે૦ મુકુલભાઈ કલાર્થી.

શ્રી મુકુલભાઈ કલાર્થીએ શ્રીમદ્‌ના લૌકિક જીવનનાં પ્રસંગો અને ઘટનાઓ સાદી અને મધુર ભાષામાં તટસ્થ રીતે આલેખ્યા છે. આ જીવન સાધના તૈયાર કરવામાં શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણોનો ઉપયોગ કરવામાં આવેલ છે. શ્રેયાર્થીને આ જીવન સાધના વાંચી શ્રીમદ્ રાજચંદ્રના ઉપદેશનું અનુશીલન કરવાની આ પુસ્તક વાંચવાથી પ્રેરણા મળશે. વળી તેમાં આપેલ નીચેનો સંવાદ અત્યારના ગ્રેજ્યુએટોને ખાસ ઉપયોગી છે.

એક જિજ્ઞાસુએ શ્રીમદ્‌ને પૂછ્યું–"પૃથ્વીને શાસ્ત્રમાં સપાટ કહી છે અને હાલના વૈજ્ઞાનિક શોધકો પૃથ્વી ગોળ છે એમ કહે છે, તેમાં ખરૂં શું ?

શ્રીમદે સામો પ્રશ્ન પૂછ્યો–"તમને સપાટ હોય તો ફાયદો કે ગોળ હોય તો ફાયદો ?"

જિજ્ઞાસુએ કહ્યું–"હું એ જ જાણવા માગું છું."

શ્રીમદે કહ્યું–"તમે તીર્થંકર ભગવાનમાં શક્તિ વધારે માનો છે કે હાલના વૈજ્ઞાનિક શોધકોમાં ?"

જિજ્ઞાસુએ જણાવ્યું–"તીર્થંકર ભગવાનમાં."

શ્રીમદે કહ્યું–ત્યારે તમે તીર્થંકર ભગવાન પર શ્રદ્ધા રાખો અને શંકા કાઢી નાંખો. આત્માનું કલ્યાણ કરશો તો તમને પૃથ્વી સપાટ કે ગોળ જેવી હશે તેવી, કાંઈ હરકત કરશે નહિ.

વળી શ્રીમદ્ લોકોત્તર પુરૂષ હતા, તે જીવન-સાધનામાં આપેલ નીચેના પ્રસંગથી જણાશે.

એક વાર એક વેપારી સાથે શ્રીમદે હીરાના સોદા કર્યા. તે સમયે એવું નક્કી કરવામાં આવ્યું કે

( અનુસંધાન ટાઈટલ પેજ ૩જા ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only